## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મોદીજી એ એક ભુલ કરી.... આટલા મોંઘા વિમાન લીધા તો લીધા.. પણ બધાય એક જ કલરનાં લીધા...

# રક્ષાબંધન પર્વની ઉજવણી નર્સિંગ સ્ટાફે કોવીડ દર્દીઓને રાખડી બાંધી કરી

ગાંધીનગર, તા.૩૦

કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે છેલ્લા ચાર માસથી તહેવારોની ઉજવણી થતી નથી, તહેવાર આવે છે અને જાય છે. ભારતીય પરંપરામાં તહેવારનું વિશેષ મહત્વ રહેલું છે. ત્યારે ગણતરીના કલાકો બાદ ભાઈ-બહેનના સ્નેહનો તહેવાર રક્ષાબંધન છે. ત્યારે કોરોનાના કહેરને લઈ કેટલાય ભાઈ બહેનો હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહ્યા છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ દ્વારા કોવીડ દર્દીઓને રાખડી બાંધીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી.

કોરોના સંક્રમિત થવાથી જે ભાઈ કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. તેવા ભાઈઓને બહેનની ખોટ ના વર્તાય તે માટે ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફ દ્વારા ગુરુવારના રોજ કોવીડ વોર્ડમાં સારવાર લઈ રહેલા ભાઈઓ અને બહેનોને રક્ષણ સમી સેનેટાઈઝ કરેલી રાખડી બાંધી હતી. નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ જાગૃતિ પટેલે જણાવ્યું હતું કે કોરોના વાઈરસના કારણે કોવીડ હોસ્પિટલમાં સ્ટાફના ભાઈ બહેનો ખડેપગે ફરજ બજાવી રહ્યા છે.જયારે દર્દીઓ પણ દિન પ્રતિદિન વધી રહ્યા છે, ત્યારે રાજયભરમાં રક્ષાબંધનના પર્વની ઉજવણી ધામધુમથી કરવામાં આવશે. ત્યારે કોવીડ વોર્ડમાં સારવાર મેળવી રહેલા દર્દીઓ આ તહેવારથી વંચિત ના રહે તે માટે ગુરુવારના રોજ રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરાઈ હતી. રાખડી બાંધીને કોવીડ દર્દીઓ ઝડપી સાજા થઈને પોતાના પરિવાર સાથે પરત ફરે તેવી પ્રાર્થના પણ નર્સિંગ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. નર્સિંગ સ્ટાફના રક્ષાબંધન પર્વની ઉજવણી પ્રસંગે સિવિલ તબિબિ અધિક્ષક ડો.નિયતિ લાખાણી, આરએમઓ ડો. સુધાબેન અને ડે.આરએમઓ ડો. કલ્પેશ જશપરા સહિત અન્ય ડોકટર્સ અને સ્ટાફના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.





## ખૂણેખાંચરેથી



- ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના એમ.એલ.એ. ક્વાર્ટર પર મુલાકાતીઓને ઉકાળો આપી આવકાર આપવામાં આવે છે.
- ગાંધીનગર શહેરમાં ઓફિસ છુટવાના સમયે થયેલા વરસાદની મઝા કર્મચારીઓએ મનભરી માણી હતી.
- ગાંધીનગર શહેરમાં સરેરાશ ૪૭૦૦ની વસ્તીએ એક વ્યક્તીનો ટેસ્ટ તંત્ર દ્વારા અત્યાર સુધીમાં કરાયો છે.
- ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી જીતેન્દ્ર વદરે દહેગામ અર્બન, ઝાંક અને કડજોદરાની મુલાકાત લઈ માસ્ક પહેરવામાં આવે છે કે નહિ તેની આકસ્મિક તપાસ કરી ચાલતા વિકાસ કાર્યોની પણ મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની સતત ૭ મી બેઠકમાં પણ કમિશનર હાજરી આપવાથી અળગા રહ્યા હતા.
- પંદરમી ઓગષ્ટની ઉજવણી માટે આજથી તંત્રની કવાયતનો આરંભ થયો છે. કલેક્ટર, એસ.પી., રેન્જ આઈ.જી. અને અન્ય ઉચ્ચ અધિકારીઓની આજે બેઠક મળી હતી.

## રાજયમાં દુકાનો રાત્રે ૮ વાગ્યા સુધી, હોટલ-રેસ્ટોરન્ટ રાત્રે ૯ વાગ્યા સુધી ખુલ્લા રખાશે

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં અનલૉક-૩ સંદર્ભમાં ભારત સરકારે જાહેર કરેલી ગાઈડલાઈન્સના અનુસંધાને ગુજરાત માટે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે.

આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અનુસાર મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં ૧ ઓગસ્ટથી રાત્રી કરફયુમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવાની જાહેરાત કરી છે.

રાજયમાં દુકાનો ૮ વાગ્યા સુધી તેમજ હોટલ રેસ્ટોરન્ટ રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે. તેમ પણ તેમણે જાહેર કર્યુ છે.

કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા અને એસ.ઓ.પી મુજબ રાજ્યમાં જીમ અને યોગ સેન્ટર ૫મી ઓગસ્ટથી ખોલી શકાશે.

આ સિવાયની અન્ય બાબતો માટે કેન્દ્ર સરકારની પ્રવર્તમાન ગાઈડલાઈન્સને રાજ્ય સરકાર અનુસરશે એમ પણ બેઠકમાં નિર્ધારિત કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, ગૃહના અધિક મુખ્ય સચિવ સંગીતાસિંહ તેમજ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ મનોજકુમાર દાસ વગેરે જોડાયા હતા.

## જિલ્લામાં ૧ થી ૭ ઓગષ્ટ દરમ્યાન વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૩૦

આઈ.સી.ડી.એસ, ગાંધીનગર દ્વારા ગાંધીનનગર જિલ્લામાં તા. ૧ થી ૭ મી ઓગષ્ટ, ૨૦૨૦ દરમ્યાન વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણી દરમ્યાન જન્મનાર બાળકોનાં ઘરે અને આ સપ્તાહ માં ડિલીવરીની સંભવિત તારીખ હોય તેવી સગર્ભા મહિલાઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવશે.

વિશ્વ સ્તનપાન સપ્તાહ વર્ષ ૨૦૨૦ ની થિમ છે **“SUPPORT BREASTFEEDING FOR HEALTHEIER PLANET”** એટલે કે સ્તનપાન નું સમર્થન કરીને તંદુરસ્ત વિશ્વના સર્જન માટે બાળકોના તંદુરસ્તી ઉપર અને સુધી અસર થાય છે. સ્તનપાન દ્વારા બાળક કુદરતી આહાર મેળવે છે જે પેકેજીંગ પોસેસથી ખુબ જ સારૂ હોય છે. અને રાજયમાં આ સપ્તાહ ને ૨૦૨૦માં એક નવતર પ્રયોગ દ્વારા ઉજવાશે જેમાં ઓગસ્ટ માસના પ્રથમ સપ્તાહમાં માતા બનવાની શકયતાં હોય તેમને તેમનાં કુટુંબમાં એક ફળનો છોડની સરખી કાળજી લેશે. કોરોના મહામારી ને કારણે કોઈપણ પ્રકારના મેળાવડાં કર્યા વિના જનજાગૃતિ માટે સોશ્યલ મિડીયા અને ટેલિફોનિક સંવાદનો વ્યાપક ઉપયોગ કરવામાં આવશે ગાંધીનગર જિલ્લામાં આ સપ્તાહ દરમિયાન વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવવામા આવશે.



**જન્મદિને વંદન - અભિનંદન :** રાજયના પૂર્વ મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીના ૯૪માં જન્મદિને શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અભિનંદન આપવા તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. વાંચનના શોખીન માધવસિંહભાઈને ભૂપેન્દ્રસિંહે પસંદગીવાળા પુસ્તકો ભેટમાં આપ્યા હતા.

## ઈસનપુર મોટા ગામે કોરોના વાયરસ અટકાવવા પાંચ દિવસ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયું

ચિલોડા, તા.૩૦

કોરોના વાયરસ કોવિડ-૧૯ના સંક્રમણ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા દોઢ માસથી દિન પ્રતિદિન વધતાં લોકોમાં સાવધાનીરૂપે ગ્રામીણ આગેવાનો દ્વારા સંરક્ષણાત્મક પગલાં રૂપે અનેક સેવાકીય પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપવાનું આયોજન હાથ ધરાયું છે. જેમાં તાલુકાના ઈસનપુર મોટા ગામે ગ્રામ સમિતિ તરફથી આયુર્વેદિક ઉકાળો બનાવી પાંચ દિવસથી નાગરિકોને વિતરણ કરી સ્વયંસેવકો દ્વારા પીવડાવામાં આવી રહ્યો છે. આ સમગ્ર સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રણી રમેશભાઈ બી. પટેલના સાંનિધ્ય તથા સક્રિય ટીમ, એમ.બી. પટેલ સાર્જવનિક હોસ્પિટલ પરીવારનો સુંદર સહયોગ મળ્યો હતો. આ ઉપરાંત અગાઉ ગામમાં ટીમ દ્વારા સેનેટાઈઝેશન કામગીરી કરી ત્રણ વખત દવાનો છંટકાવ કરી રક્ષણાત્મક પ્રવૃત્તિ હાથ ધરી હતી.

## જિલ્લામાં ૧ થી ૧૪ ઓગષ્ટ દરમ્યાન મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરાશે

### આ પખવાડિયાની ઉજવણી ટી.વી. અને સોશ્યિલ મીડિયાના માધ્યમથી કરવામાં આવશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં તા. ૧ થી ૧૪ મી ઓગષ્ટ દરમ્યાન મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણી કોરોના વાયરસના કારણે ટી.વી. અને સોશ્યિલ મીડિયાના માધ્યમથી કરવામાં આવનાર છે.

મહિલા સશક્તિકરણ પખવાડિયાની વિગતો આપતાં ગાંધીનગર જિલ્લાના મહિલા અને બાળ અધિકારી શ્રી એન.જે. ગામીએ જણાવ્યું છે કે, સમગ્ર રાજયમાં તા.૧ થી ૧૪ મી ઓગષ્ટ દરમ્યાન મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવનાર છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં પણ મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી માટે સુચારું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતે કોરાના વાયરસની મહાબિમારીના કારણે આ પખવાડિયાની ઉજવણી ટી.વી. અને સોશ્યિલ મીડિયાના માધ્યમથી કરવામાં આવશે. જેમાં વંદે ગુજરાત ચેનલ- ૧ પર મહિલાઓ માટે કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. તેમજ મોબાઈલના માધ્યમથી જીઓ એપ મારફતે વંદે ગુજરાત ચેનલ-૧ પર અને ફેસબુક પર **WCD GUJARAT** પેજ પરથી પણ નિહાળી શકાશે. આ કાર્યક્રમનું પ્રસારણ દરરોજ બપોરના ૧.૦૦ કલાક થી ૨.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવશે. તેમજ જીવંત પ્રસારણનો લાભ ન લઈ શક્યા હોય તેવી મહિલાઓ આ કાર્યક્રમ **WCDGujarat** ની યુ ટયુબ ચેનલ પરથી કાર્યક્રમ નિહાળી શકશે.

# જિલ્લામાં ૭ માર્ગોનું રીસરફેસીંગ કામ સાત વર્ષથી થયું નથી

### વરસાદી સિઝન બાદ માર્ગોની દશા કફોડી બનશે : માર્ગ સલામતીને અનુલક્ષીને માર્ગ સુધારણાના કામો હાથ ધરવા અનિવાર્ય

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં વિવિધ માર્ગોની સુધારણાનુ કામ લાંબા સમયથી હાથ ધરાયુ નથી જિલ્લામાં સાત જેટલા માર્ગોનુ છેલ્લા સાત વર્ષોથી રીસરફેસીંગ પણ કરાયુ નથી આવા સંજોગોમાં વરસાદી દિવસોના અંતે આ માર્ગોની દશા વધુ કફોડી બનશે ત્યારે માર્ગ સલામતીના પરિબળોને ધ્યાને લઈને તબક્કાવાર આ માર્ગોના સરફેસીંગનુ કામ હાથ ધરાય તે પણ અનિવાર્ય બન્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં મહત્વના માર્ગોનુ સાત વર્ષના અંતે પણ રીસરફેસીંગ ન થતા આ ચોમાસાના અંતે માર્ગાની હાલત અત્યંત કફોડી બનશે. હાલ પણ આ માર્ગો પર ટ્રાફિકનુ પ્રમાણ વધતા વાહનચાલકો માર્ગની દુર્દશાને લઈને પરેશાની ભોગવી રહ્યા છે. જેમાં મુખ્યત્વે વાવોલ પુંદ્રાસણ છત્રાલ તરફનો ૧૭ કીમીનો માર્ગ પણ બિસ્માર બનવાની તૈયારીમાં છે. આ ઉપરાંત કલોલ બોરીસણા સાણોદ માર્ગ જેમાં રણછોડપુરાથી સાણંદને જોડતો માર્ગની દશા પણ અત્યંત ખરાબ છે. જયારે વડાવી હાજીપુર માર્ગને અનુલક્ષીને પણ રીસરફેસીંગ હાથ ધરવાની અનિવાર્યતા છે. અઢી કીમીનો આ રસ્તો પણ ખરબચડો થયો છે. હરણાઓડા, ટીંટોડા, બિલોદ્રા તરફના ૭ કી મી માર્ગનુ પણ છેલ્લા સાત વર્ષથી રીસરફેસીંગ થયુ નથી. આ ઉપરાંત બદપુરા વરસોડાના ૪ કી મી અને રાંધેજા બાલવાના ૮ કી મી માર્ગની પણ દશા ખરાબ છે. આ માર્ગને પહોળો કરવો અનિવાર્ય છે. કોરોના કાળમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે છેલ્લા ઘણાં સમયથી માર્ગ સુધારણાની કામગીરી બંધ છે. જયારે નવા કામોને પણ મંજુરી અપાઈ નથી શહેરી વિસ્તારમાં પણ માર્ગ સુધારણાની કામગીરી હાલ વરસાદી સિઝન દરમિયાન ઠપ્પ થઈ ગઈ છે. બીજીતરફ ગ્રામ્ય વિસ્તાર સહીત જિલ્લામાં એક જંકશનથી બીજા જંકશનને જોડતા મહત્વના રસ્તાઓનુ પણ છેલ્લા સાત વર્ષોથી રીસરફેસીંગ થયુ નથી જેથી માર્ગો પર પેચીસ પડવાની સાથે ભંગાણ પણ થયા છે. હાલ વરસાદી સિઝન ચાલી રહી છે ત્યારે છેલ્લા સાત વર્ષથી આ માર્ગોની દશા સુધારવા માટે રીસરફેસીંગની કામગીરી પણ થઈ નથી ગ્રામજનો તેમજ આ માર્ગો પરથી પસાર થતો ટ્રાફિક પણ આગામી દિવસોમાં આ સ્થિતિ વચ્ચે પ્રભાવિત થશે માર્ગ સલામતીના પરિબળોને ધ્યાને લઈને વિભાગે આ માર્ગોની સુધારણા માટે તબક્કાવાર કામોને મંજુરી આપવી અનિવાર્ય છે.

## જિલ્લામાં શિષ્યવૃત્તિ, વૃતિકા એસોસિએશન અને વ્યાયામ શાળા માટેની અરજીઓ ૧૭મી ઓગષ્ટ સુધી કરી શકાશે

ગાંધીનગર, તા.૩૦

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લામાં શિષ્યવૃત્તિ, વૃતિકા (તાલુકા, જિલ્લા તથા રાજય કક્ષાના) એસોસિએશન અને વ્યાયામ શાળા માટેની અરજીઓ તા.૧૭મી ઓગષ્ટ સુધી કરવાની રહેશે.

ગાંધીનગર જિલ્લામાં આ અરજીઓ માટે નિતીનિયમ ધારાધોરણમાં આવતા હોય તેઓએ તેમની અરજી જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન તા. ૧૭મી ઓગષ્ટ, ૨૦૨૦ સુધી જમા કરાવવાની રહેશે. જેની જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી દ્વારા યોગ્ય પૂર્તતા ચકાસણી કરી વડી કચેરીએ ભલામણ કરવામાં આવશે. આ અંગેની વધુ માહિતી માટે કચેરીના ફોન નંબર – ૦૭૯ ૨૩૨ ૪૦૩૨૪ પર સંપર્ક કરવા જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, ગાંધીનગરે જણાવ્યું છે.


**જાહેરનામું**

**મહેસુલ વિભાગ**

**સચિવાલય, ગાંધીનગર**

**તારીખ : ૪/૭/૨૦૨૦**

**જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો), જિલ્લા : સાબરકાંઠા**

ક્રમાંક : અમ-૨૦૨૦-૩૬૪-મ-જસબ-૨૦૨૦-૬૦૧-ચ

આ સાથે અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે સુજલામ સુફલામ કેનાલની પ્રોજેક્ટ માટે જરૂરી પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

તેથી (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેના આમાં હવે પછી ‘સદરહુ અધિનિયમ’ તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનનો ઉપરોક્ત માઝુહ બ્રાન્ચ કેનાલ માટેની સાકળના પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

હવે જ્યારે ઉક્ત અનુસૂચિત જમીનમાં સૂચિત પ્રોજેક્ટ, સુજલામ સુફલામ કેનાલની પ્રોજેક્ટના જાહેર હેતુ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસૂચિ મુજબનો કુલ વિસ્તાર ૦-૩૪-૭૩ હે.આરે.ચો.મી. તે સાબરકાંઠા જિલ્લાના હદમાં આવેલ છે.

હવે જ્યારે ઉક્ત માળખાકીય પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ ૦-૩૪-૭૩ હે.આરે.ચો.મી. જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

તેથી સદરહુ અધિનિયમની કમલ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ-૧૨મો)ની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં સુજલામ સુફલામ કેનાલ માટે જમીન પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસૂચિમાં સમાવિષ્ટ થયેલ ૦-૩૪-૭૩ હે.આરે.ચો.મી. જમીનને ‘સદરહુ અધિનિયમ’ના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

**અનુસુચિ** **મોજે : ઉમેદની મુવાડી** **તા. તલોદ** **જી. સાબરકાંઠા**

| અ.નં. | સર્વે નંબર | સંપાદિત થતી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | ૧૮૩ પૈકી | ૦-૧૪-૫૦ |
| ૨ | ૧૬૧ પૈકી | ૦-૨૦-૨૩ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-

(એચ. જે. રાઠોડ)

સરકારના ઉપસચિવ

નામાનિ/હિંમત/૧૫૪/૨૦૨૦



# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, છ-૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ પાસે, સેક્ટર-૨૦, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨૪૪૫૬૯, ૨૩૨૪૪૫૭૬, ઈ-મેઈલ : admicug2020@gmail.com, વેબસાઈટ : www.cugujarat.ac.in

## પ્રવેશ જાહેરાત (૨૦૨૦-૨૧)

યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ સંદર્ભે કુલ સાત સ્કૂલ અને અગિયાર વિભાગો કાર્યરત છે.

જેમાં નીચે પ્રમાણેના કુલ પાંત્રીસ (૩૫) અભ્યાસક્રમોમાં પ્રવેશ અંતર્ગત અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | કોર્સની વિગત ડિગ્રી/ડિપ્લોમા/ સર્ટિફિકેટ | પ્રવેશ માટે પાત્રતા Admission Eligibility |
|---|---|---|---|
| | School of Humanities | | |
| Department of Psychology (Contact Person : Dr. Anjana Chauhan : 9408822359) | | | |
| 1 | Ph.D. Psychology | ડિગ્રી રેગ્યુલર | M.A. (Psychology) |
| 2 | M.Phil. Psychology | ડિગ્રી રેગ્યુલર | M.A. (Psychology) |
| 3 | M.A. Child Psychology | ડિગ્રી રેગ્યુલર | B.A. (Psychology) |
| Department of Social Work (Contact Person : Reena Roal : 8780030646) | | | |
| 4 | M.S.W. | ડિગ્રી રેગ્યુલર | Any Graduage |
| 5 | M.Phil. in Social Work | ડિગ્રી રેગ્યુલર | M.S.W |
| School of Innovative Education | | | |
| Department of Education (Contact Person : Dr. Jignesh Patel : 9429429550) | | | |
| 6 | Ph.D. Education | ડિગ્રી રેગ્યુલર | M.Ed. / M.A.(Edu.) |
| 7 | M.Phil. Education | ડિગ્રી રેગ્યુલર | M.Ed. / M.A.(Edu.) |
| 8 | M.A. Education | ડિગ્રી રેગ્યુલર | Any Graduate |
| 9 | P.G. Diploma in School Counseling | રેગ્યુલર | Any Graduate |
| Department of Vidyaniketan (Contact Person : 9574581182, 9924776245) | | | |
| 10 | Drawing and Painting | સર્ટિફિકેટ પાર્ટટાઈમ | ધોરણ-૫ પાસ |
| 11 | Vocal Music | સર્ટિફિકેટ પાર્ટટાઈમ | ધોરણ-૫ પાસ |
| 12 | Kathak | સર્ટિફિકેટ પાર્ટટાઈમ | ધોરણ-૫ પાસ |
| 13 | Bharatiya Khel | સર્ટિફિકેટ રેગ્યુલર | ધોરણ-૧૦ પાસ |
| School of Languages and Linguistics | | | |
| Department of Sanskrit (Contact Person : Dr.Jay Oza : 9898046488) | | | |
| 14 | Ph.D. Sanskrit | ડિગ્રી રેગ્યુલર | M.A. (Sanskrit) |
| 15 | M.Phil. Sanskrit | ડિગ્રી રેગ્યુલર | M.A. (Sanskrit) |
| 16 | M.A. Sanskrit | ડિગ્રી રેગ્યુલર | Any Graduate |
| 17 | Peace Management through Geeta | સર્ટિફિકેટ રેગ્યુલર | 10th and equal |
| 18 | Sambhashan Sanskrit | સર્ટિફિકેટ રેગ્યુલર | 10th and equal |
| 19 | Moral Edu. in Neetishatakam | સર્ટિફિકેટ રેગ્યુલર | 10th and equal |

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | કોર્સની વિગત ડિગ્રી/ડિપ્લોમા/ સર્ટિફિકેટ | પ્રવેશ માટે પાત્રતા Admission Eligibility |
|---|---|---|---|
| Department of Gujarati (Contact Person : Sanjay Patel : 8980875508) | | | |
| 20 | Ph.D. Gujarati | ડિગ્રી રેગ્યુલર | M.A.(Gujarati) |
| 21 | M.Phil. Gujarati | ડિગ્રી રેગ્યુલર | M.A.(Gujarati) |
| 22 | M.A. Gujarati | ડિગ્રી રેગ્યુલર | B.A. (Gujarati) |
| 23 | Proof Reading Gujarati | સર્ટિફિકેટ રેગ્યુલર | 12th and equal |
| School of Tapovan | Department of Prenatal Care (Contact Person : Dr. Jay Oza : 9898046488) | | |
| 24 | P.G. Diploma in Prenatal Care & Edu. | ડિપ્લોમા રેગ્યુલર | Any Graduate |
| School of Nutrition and Health | Dept. of Home Science (Contact Person : Dr. Neeta Chaudhary : 9429452315) | | |
| 25 | Ph.D. in Home Science | ડિગ્રી રેગ્યુલર | Master in Home Science |
| 26 | M.Phil. in Home Science | ડિગ્રી રેગ્યુલર | Master in Home Science |
| 27 | M.Sc. Foods and Nutritions | ડિગ્રી રેગ્યુલર | B.Sc. (F&N/Cli. Nutri/ Home Sci.) B.A.(Home Sci.) B.R.S. (Home Sci.) |
| 28 | P.G. Diploma in Nutrition and Ditetics | પી.જી. ડિપ્લોમા રેગ્યુલર | B.Sc. / M.sc.(F&N) B.Voc. in Food Proce. B.sc. (Micro / Nursing) B. Physiotharapy |
| School of Indic Studies | | | |
| Department of Balbhavan (Contact Person : Dr. Nimish Vasoya : 8780530906) | | | |
| 29 | Ph.D. in Physics | ડિગ્રી રેગ્યુલર | M.Sc. / M.Phil. |
| 30 | P.G. Diploma in Bhavya Divya Bharat | પી.જી. ડિપ્લોમા રેગ્યુલર | Any Graduate |
| 31 | Astrophysics | સર્ટિફિકેટ રેગ્યુલર | 10+2 |
| 32 | Basic of Vedic Maths | સર્ટિફિકેટ રેગ્યુલર | 10+2 |
| School of Accreditation & Quality Enhancement | | | |
| Department of Accreditation (Contact Person : Dr. Sanjay Gupta : 9377149258) | | | |
| 33 | Excellence in Higher Education | સર્ટિફિકેટ પાર્ટટાઈમ | Any Graduate (55%) |
| 34 | Excellence in School Education | સર્ટિફિકેટ પાર્ટટાઈમ | B.Ed./P.T.C./Any Graduate |
| 35 | Research Methodology in Social Sciences | સર્ટિફિકેટ રેગ્યુલર | Master in any Soc. Sciences |

★ યુનિવર્સિટીના દરેક અભ્યાસક્રમ ગુજરાતી માધ્યમમાં ચાલશે. ★પરીક્ષા અને સબમિશન કાર્ય માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી વિકલ્પ ઉપલબ્ધ રહેશે. ★ સરકારી ધારા-ધોરણો મુજબ અનામત અને શિષ્યવૃત્તિનો લાભ મળશે. ★ઓનલાઈન ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૧/૦૮/૨૦૨૦ રહેશે. ★પ્રવેશની વધુ વિગતો માટે યુનિવર્સિટીની વેબસાઈટ: http://www.cugujarat.ac.in/Admission જોવા વિનંતી.